| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૦૬/૧૦/૨૦૨૨ | | |
| નોંધ્યા તારીખ | ૦૬/૧૦/૨૦૨૨ | | |
| ફેસલ તારીખ | ૨૩/૦૧/૨૦૨૩ | | |
| સમય | દિવસ | માસ | વર્ષ |
| | | | |

**જુનાગઢના ચોથા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસશ્રીનો કોર્ટ સમક્ષ.**
**મુકામ–જુનાગઢ.**

**ફોજદારી કેસ નં. ૬૧૨૬/૨૦૨૨**

**આંક–**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :–** રામાભાઈ વિરાભાઈ મોકરીયા,
જાતે–કોળી, ઉ.વ.–૭૨, ધંધો–નિવૃત,
રહે.–પાદરચોક, જોષીપરા,
જુનાગઢ.

**ગુન્હો : ધી ગુજરાત પ્રોહી.એ.ક.–૬૫(એએ) મુજબ.**

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી આર.ઝેડ.વિહોલ
આરોપી તરફે વિ.વ. શ્રી એન.બી.લાખાણી

**ચૂ કા દો**

૧. આ કામના ફરિયાદી સંજયભાઈ સવદાસભાઈ માલમ, પો.કો., બી ડિવિ. પો.સ્ટે. નાઓએ બી ડિવિ.પો.સ્ટે.માં તેવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે, તા.૦૭–૦૬–૨૦૨૨ ના રોજ તેઓ તથા પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતાં

દરમિયાન તેઓને ફરિયાદ હકીકત મુજબની બાતમી મળતા બે પંચોને બોલાવી હકીકતની સમજ કરી બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા કોઈ હાજર મળી આવેલ નહિ. મકાનની ખરાઈ કરી તપાસ કરતા દેશી દારુ લીટર–૧૦ કિંમત રુા. ૨૦૦–૦૦ નો મુદામાલ મળી આવેલ તે પંચનામાની વિગતે કબજે કરી આરોપીએ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫(એએ) મુજબનો ગુનો કર્યો હોય ફરિયાદીએ ફરિયાદ નોંધાવતા જુનાગઢ બી ડિવિ.પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. 11203024220418/2022 થી આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુનો નોંધી ધોરણસર તપાસ હાથ ધરેલ હતી. જે તપાસના અંતે અદાલતમાં હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

૨. આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૫(એએ) મુજબના ગુન્હાનું તહોમતનામું આંક–૪ થી ફરમાવવામાં આવતા આંક–૫ ની પ્લીમાં આરોપીએ ગુનાની ઈન્કારી કરી કેસ આગળ ચલાવવા માંગણી કરેલ હતી.

૩. સદરહું કેસના સમર્થન માટે ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવો</u>** :–

| ક્રમ | સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ બાલકૃષ્ણ રવિશંકર ઠાકર, | ૬ |
| ૨ | પંચનામું, | ૭ |
| ૩ | ફરિયાદી સંજયભાઈ સવદાસભાઈ માલમ, | ૮ |

| | | |
|---|---|---|
| ૪ | ફરિયાદ, | ૯ |
| ૫ | એફ.એસ.એલ.રિપોર્ટ, | ૧૦ |

૪. ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવુ જરૂરી જણાતુ હોય આરોપીનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે.

૫. ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વકીલશ્રીની દલીલો સાંભળેલ. ત્યાર બાદ કામ આખરી નિર્ણય માટે મુલત્વી રાખવામાં આવેલ છે.

૬. ઉપરોકત હકીકતે સદરહું કામના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી તા. ૦૭–૦૬–૨૦૨૨ ના કલાક ૧૯:૦૦ વાગ્યે જુનાગઢ પાદરચોકમાં પોતાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી દારુ લીટર–૧૦ કિંમત રુા. ૨૦૦–૦૦ ના મુદામાલ સાથે હાજર નહિ મળી આવી પ્રોહી. એકટની કલમ–૬૫(એએ) મુજબનો ગુનો કરેલ છે.?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

૮. ઉપરોકત મુદ્દાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં. ૧ અને ૨</u>** :–

મુદ્દા નં. ૧ અને ૨ સંયુકત રીતે સંકળાયેલ હોય તેની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

૮.૧ આ કામે આરોપી વિરૂધ્ધનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે. જે જવાબદારીના વહન માટે ફરિયાદ પક્ષ તરફથી સૌપ્રથમ આ કામના ફરિયાદી સંજયભાઈ સવદાસભાઈ માલમને આંક–૮ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૭–૦૬–૨૦૨૨ ના રોજ તેઓ તથા પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતાં દરમિયાન તેઓને ફરિયાદ હકીકત મુજબની બાતમી મળતા બે પંચોને બોલાવી હકીકતની સમજ કરી બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા કોઈ હાજર મળી આવેલ નહિ. મકાનની ખરાઈ કરી તપાસ કરતા દેશી દારુ લીટર–૧૦ કિંમત રુા. ૨૦૦–૦૦ નો મુદામાલ મળી આવેલ તે પંચનામાની વિગતે કબજે કરી આરોપી વિરુધ્ધ તેઓએ ફરિયાદ આપેલી. જે ફરિયાદ આ કામે આંક–૯ થી રજુ છે. વધુમાં જણાવે છે કે, સદર ગુન્હાની તપાસ પો.હે.કો. કે.ડી.રાઠોડને સોપતા તેઓએ લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. મુદામાલ તપાસણી અર્થે એફ.એસ.એલ. માં મોકલેલો તે રિપોર્ટ આંક–૧૦ થી રજુ છે. તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલું.

આરોપી પક્ષની ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે. ત્યાં માણસો અને વાહનોની સતત અવર જવર રહે છે. ફરિયાદમાં તથા તેઓના નિવેદનમાં પંચોના નામ દર્શાવેલ નથી. પેટ્રોલીંગમાં કયા વાહનમાં ગયેલા તેની કોઈ વિગત જણાવેલ નથી.

આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કોઈ મુદામાલ મળી આવેલ નથી. વધુમાં સાહેદની ડિનાઈલ સ્વરુપમાં ઉલટ તપાસ કરવામાં આવેલ છે.

૮.૨ આ કામે પંચ સાહેદ બાલકૃષ્ણ રવિશંકર ઠાકર આંક–૬ ની જુબાનીમાં આંક–૭ ના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે. પરંતુ તેઓ તેમની જુબાનીમાં આંક–૭ ના પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. તેઓ ફરી ગયેલ જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેમની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓની જુબાનીમાંથી કોઈ ફળદાયક તથ્ય રેકર્ડ પર ફલિત થયેલ નથી. આમ, પ્રોહીબીશનના મુખ્ય અગત્યના સાહેદ કે જેનાથી પંચનામું સાબિત થઈ શકે તેવો કોઈ સચોટ પુરાવો સાબિત થયેલ નથી.

૯. આ કામે રજુ થયેલ પુરાવાનું તુલનાત્મક મૂલ્યાંકન કરતા આ કામના ફરિયાદી કે જે પોલીસ વિભાગના અધિકારી/કર્મચારી છે અને તેથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૫ થી ૨૭ ની જોગવાઈઓ ધ્યાન લેતાં તે મુજબની આરોપી અગર અન્ય સાહેદોની કબુલાત સ્વરૂપની હકીકત પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. ફરિયાદ પક્ષનો પુરાવો વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારવા માટે ફરીયાદ પક્ષના સાહેદના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાનું સમર્થન હોવું આવશ્યક છે. આ કામે પંચ સાહેદે પંચનામાની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ નથી. આ કામે ફરિયાદી સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ કે સાંયોગિક પુરાવા ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નહિ હોવાનું પ્રથમ દર્શનીય છે. આ કામના સાહેદ પોલીસ વિભાગના સાહેદ હોય અને તેઓ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તેમની ફરજનું કૃત્ય હોય સ્વતંત્ર સાહેદોના પુરાવાના સમર્થનના અભાવે વિશ્વાસપાત્ર

પુરાવા તરીકે સ્વીકારી શકાય નહી. આ સંજોગોમાં મુદ્દા નં. ૧ નુ તથ્ય નિ:શંકપણે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સફળ રહેલ હોવાનું સ્વીકારી શકાય તેમ ન હોય, મુદ્દા નં. ૧ નકારાત્મક ઠરાવી, મુદ્દા નં. ૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: <u>આ ખ રી હુ ક મ</u> ::-**

૧. આ કામના આરોપી રામાભાઈ વિરાભાઈ મોકરીયા, રહે.-પાદરચોક, જોષીપરા,જુનાગઢનાઓને ક્રિ.પ્રો.કો.ક.-૨૪૮(૧) મુજબ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એએ) મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના તમામ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

૩. ક્રિ.પ્રો.કો.ક.-૪૩૭ (એ) અન્વયે, આરોપીએ જામીન આપેલ હોય તો તે હુકમની તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે, અન્યથા આરોપીએ રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપીયા દસ હજાર પુરા) ના જામીન આપવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| મુકામ : જુનાગઢ<br>તારીખ: **૨૩/૦૧/૨૦૨૩** | **(કુ.દર્શના પ્રહલાદભાઈ છાટબાર)**<br>ચોથા જ્યુડી.મેજી.ફ.ક., જુનાગઢ.<br>કોડ નં. જી.જે. ૦૧૪૨૬ |